# સરદાર પટેલ યુનિવર્સિટી

વલ્લભ વિદ્યાનગર

## નોટીસ

### દિવ્યાંગ/વિકલાંગ (અપંગ) વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃતિ વર્ષ: ૨૦૧૯-૨૦

યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોમાં અભ્યાસ કરતા વિકલાંગ વિદ્યાર્થીઓને જણાવવામાં આવે છે કે તેઓએ શિષ્યવૃતિના ફોર્મ ઓનલાઇન ભરવાના હોવાથી નીચે જણાવેલ વેબસાઇટ લોગઇન કરીને ફોર્મ ભરવાના રહેશે. શિષ્યવૃતિ માટે અરજી કરવાની છેલ્લી તાઃ ૩૧/૧૦/૨૦૧૯ છે. ફોર્મની એક કોપી વિભાગીય વડાના સહી-સિક્કા કરાવી જરૂરી દસ્તાવેજો (પ્રમાણીત કરેલા) સાથે ફરજિયાત સ્કોલરશીપ વિભાગમાં જમા કરાવવાની રહેશે. આ પ્રક્રિયા ઓનલાઇન હોવાથી હાર્ડકોપીની એક નકલ વિદ્યાર્થી પોતાની પાસે રાખી શકશે. વધુ માહિતી માટે તેમજ ઓન લાઇન ફોર્મ ભરવા આપેલ વેબસાઇટનો સંપર્ક કરવો.

**નોંધઃ-**

૧. ઓન લાઇન ફોર્મ સાથે બધા અસલ પ્રમાણપત્રો જ અપલોડ કરવાના રહેશે.
૨. શિષ્યવૃતિ માટે **અરજી કરવાની છેલ્લી તાઃ ૩૧/૧૦/૨૦૧૯** છે.

**વેબસાઇટ : - www.scholarships.gov.in**

**ફ્રેશ - રીન્યુઅલ અરજીમાં બિડાણ કરવાના દસ્તાવેજો ની યાદી :**

૧. વિદ્યાર્થીનું ખોડખાંપણ અંગેનું સિવિલ સર્જનનું સર્ટીફીકેટ
૨. આવકનો દાખલો. (મામલતદાર, ટી.ડી.ઓ, ચીફ ઓફીસરનો જ માન્ય) તાઃ૦૧/૦૪/૨૦૧૭ પછી નો
૩. શાળા છોડ્યાનું પ્રમાણપ્રત્ર. (એલ.સી)
૪. ફ્રેશ વિદ્યાર્થીઓ માટે ધોરણ :-૧૦ થી લઇને અત્યાર સુધીની તમામ માર્કશીટ્સ, રિન્યુઅલ માટે અનુસ્નાતક અભ્યાસક્રમની પાસ કર્યાની છેલ્લી માર્કશીટ.
૫. અભ્યાસમાં તુટ પડેલ હોય તો તેની એફિડેવિટ.
૬. હોસ્ટેલમાં રહેતા હોય તો તેની ફી ભર્યાની રસીદ.
૭. હોસ્ટેલ ફોર્મ (અરજીફોર્મમાં ગૃહપતિના સહિ-સિક્કા)
૮. સંબંધિત અભ્યાસક્રમની વર્ષ ૨૦૧૯-૨૦ની ફી ભર્યાની રસીદ.
૯. વિદ્યાર્થીનો પાસપોર્ટ સાઇઝનો ફોટો.
૧૦. યુનિવર્સિટી આઇ-કાર્ડની નકલ
૧૧. આધાર કાર્ડની નકલ (ફરજિયાત બેન્કમાં સીડીંગ કરાવી તેની નકલ આપવી.)
૧૨. રેશનકાર્ડની નકલ
૧૩. બી.પી.એલ. સ્કોર કાર્ડની નકલ (લાગુ પડતુ હોય તેમને)
૧૪. ઇલેક્શન કાર્ડની નકલ.
૧૫. બોનાફાઇડ સર્ટીફિકેટની નકલ.
૧૬. બેંક ખાતાની પાસબુકમાં ખાતા નંબર, નામ અને સરનામાની વિગતો દર્શાવતા પાનની નકલ.

**આવક મર્યાદાઃ-**

➢ દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે વાર્ષિક આવક મર્યાદા રૂા. ૨,૫૦,૦૦૦/- કે તેથી ઓછી.

**ખાસ નોંધઃ-**

➢ આ શિષ્યવૃતિ માટે અરજી કરનાર વિદ્યાર્થીને અન્ય શિષ્યવૃતિનો લાભ મળવા પાત્ર નથી.

નંબર :એન/અપંગ.સ્કો./૨૦૧૯-૨૦/2260
વલ્લભ વિદ્યાનગર
તાઃ ૦૫/૦૮/૨૦૧૯

**નાયબ કુલસચિવ**